1. પર્યાવરણ અને વર્તનના મુખ્ય પાંચ ઘટકો વર્ણવો ?

- પર્યાવરણના મુખ્ય પાંચ ઘટકો નીચે પ્રમાણે છે :
- 1. ભૌતિક ઘટકો (Physical Factors) : ભૌતિક પર્યાવરણમાં આબોહવા (Climate), ઉષ્ણતામાન (Temperature), વરસાદ, વનસ્પતિ, પ્રાણી, પશુ, પંખી વગેરેનો સમાવેશ થાય છે.
- 2. સામાજિક અને સાંસ્કૃતિક ઘટકો (Social and cultural Factors) : સામાજિક અને સાંસ્કૃતિક પર્યાવરણમાં સામાજિક રૂઢિ, રિવાજ, પરંપરા, ધોરણો, સામાજીકરણની પ્રક્રિયાઓ વગેરે સાંસ્કૃતિક પાસાંઓનો સમાવેશ થાય છે.
- 3. પર્યાવરણીય અભિમુખતાના ઘટકો (EnvironmentalOriented Factors) : માનવીની પોતાની આસપાસના પર્યાવરણ અંગેની માન્યતાઓ સાથે પર્યાવરણીય અભિમુખતા જોડાયેલી છે.
- 4. પર્યાવરણીય વર્તનના ઘટકો (Environment-Related Behavioural Factors) : માનવી સામાજિક આંતરક્રિયાઓ દરમિયાન જે પર્યાવરણનો ઉપયોગ કરે છે, તેનો પર્યાવરણીય વર્તનના ઘટકોમાં સમાવેશ થાય છે.
- 5.વર્તનોની નીપજના ઘટકો (Factors Regarding Behavioural Products) : માનવીના પુરુષાર્થ દ્વારા તૈયાર થયેલાં કરે છે.
- રહેઠાણો, શહેરો, બંધો (Dams) તેમજ વાતાવરણનાં પરિવર્તનો ? ....જીવન અવકાશમાં વ્યક્તિના વર્તનને અસર કરતી પયવિરણમાં (Climate Changes) વગેરેનો વર્તનોનાં પરિણામો (નીપજો) અંગેના હાજર રહેલી બાબતનો સમાવેશ થાય છે. ઘટકોમાં સમાવેશ થાય છે. ઉપર્યુક્ત પાંચ ઘટકો વચ્ચે પરસ્પર આંતરક્રિયાઓ થાય છે, જે લાંબા ગાળાના મનોસામાજિક અને પર્યાવરણીય પરિણામોને નિર્ધારિત કરે છે.

2. કર્ટ લેવિનનું પર્યાવરણ અંગેનું પ્રતિમાન સમજાવો ?

- પર્યાવરણ અંગેનાં પ્રતિમાનો બે છે :
- (1) કર્ક લેવિનનું પર્યાવરણ અંગેનું પ્રતિમાન અને ,
- (2) બ્રોનફેનબ્રેનરનું પર્યાવરણ અંગેનું પ્રતિમાન.
- કર્ટ લેવિનના પર્યાવરણ અંગેના પ્રતિમાનની સમજૂતી નીચે પ્રમાણે છે :
- કટું લેવિનનો જીવન અવકાશનો ખ્યાલ : કર્ક લેવિન મનોવૈજ્ઞાનિક પર્યાવરણ અને ભૌગોલિક પર્યાવરણને જુદા પાડે તેમણે વ્યક્તિ અને પર્યાવરણના સંબંધનું સ્વરૂપ દર્શાવવા જીવન અવકાશ(Life space)નો ખ્યાલ આપ્યો છે.
- જે ભૌતિક વાતાવરણ પ્રત્યક્ષ અસર કરતું ના હોય તેને કર્ટ તેમના મત મુજબ, જીવન અવકાશ એ વ્યક્તિના વર્તનને નક્કી લેવિન ‘બાહ્ય વિસ્તાર’ કહે છે. પરંતુ આ બાહ્ય વિસ્તાર
- વ્યક્તિની કરતી મનોવૈજ્ઞાનિક વાસ્તવિકતા છે. મનોવૈજ્ઞાનિક વાસ્તવિકતાઓને અસર કરી શકે છે.

3. બ્રોનફેનબ્રેનરના પર્યાવરણ અંગેના પાંચ તંત્રોની સમજૂતી આપો ?

- પર્યાવરણ અંગેનાં બે પ્રતિમાનો છે :
- (1) કર્ક લેવિનનું પર્યાવરણ અંગેનું પ્રતિમાન અને

- (2) બ્રોનફેનબ્રેનરનું પર્યાવરણ અંગેનું પ્રતિમાન બ્રોનફેનબ્રેનરના પર્યાવરણ અંગેના પાંચ તંત્રોની સમજતી નીચે પ્રમાણે છે :
- બ્રોનફેનબૅનરનું પર્યાવરણ અંગેનું પ્રતિમાન : બ્રોનફેનબૅનરે પક્ષીના માળાની જેમ રચાયેલ પર્યાવરણને તેના ક્રમ પ્રમાણે પાંચ તંત્રો(Systems)ના ખ્યાલ દ્વારા સમજાવ્યું છે,
- જેની આ કૃતિ દ્વારા સમજતી નીચે પ્રમાણે છે :
- બ્રોનફેનબૅનર પર્યાવરણનાં પાંચ તંત્રો(Five Systems of Environment)ની સમજૂતી નીચે પ્રમાણે આપે છે :
- 1. સૂક્ષ્મ તંત્ર (Micro system) : વ્યક્તિ જેમાં જીવન જીવે છે, તે તેનું સૂક્ષ્મ તંત્ર છે.
- સૂથમ તંત્રમાં વ્યક્તિનું કુટુંબ, સમવયસ્કો, શાળા, પડોશ વગેરે ઘટકોનો સમાવેશ થાય છે.
- સુક્ષ્મ તંત્રમાં મોટા ભાગની આંતરક્રિયાઓ માતાપિતા, સમવયસ્કો અને મિત્રો સાથે થાય છે.
- 2. અનુભવ તંત્ર (Meso system) : અનુભવ તંત્રમાં વિવિધ સૂક્ષ્મ તંત્રો સમાયેલાં છે. દા. ત., બાળકના કૌટુંબિક અનુભવની અસર તેના મિત્રો અથવા શિક્ષકો સાથેની આંતરક્રિયા પર થાય છે.
- ભગ્ન કુટુંબનાં બાળકો તેમના મિત્રો સાથેના સમાયોજનમાં મુશ્કેલીઓ અનુભવે છે.
- 3. બાહ્ય તંત્ર (Exo system) : બાહ્ય તંત્ર વ્યક્તિની બહુ નજીક ન હોય તેવી પરિસ્થિતિઓના અનુભવની નજીકની વ્યક્તિઓ પર થતી અસરોનો નિર્દેશ કરે છે. દા. ત., વ્યક્તિના કાર્ય સ્થળે થયેલા અનુભવોની અસર બાળક અથવા પત્ની સાથેની આંતરક્રિયા પર થાય છે.
- 4. સાંસ્કૃતિક તંત્ર (Macro system) : સાંસ્કૃતિક તંત્ર વ્યક્તિ જે સંસ્કૃતિમાં રહે છે, તેની સાથે જોડાયેલું છે.
- સંસ્કૃતિમાં માન્યતાઓ, મુલ્યો, રિવાજો, પરંપરા વગેરેનો સમાવેશ થાય છે. જેને સમાજની મોટા ભાગની વ્યક્તિઓ અનુસરતી હોય છે.
- 5. કાળક્રમ તંત્ર (Chrono system) : કાળક્રમ તંત્રમાં એવી વર્તનભાતોનો સમાવેશ થાય છે, જે સામાજિક- ઐતિહાસિક (Socio- Historical) સંદર્ભમાં જીવનપર્યંત થતાં પરિવર્તનોની પ્રક્રિયાઓ સાથે જોડાયેલ છે. દા. ત., વ્યક્તિ યુવાન હોય ત્યારે ઉદ્યમી અને આશાવાદી.
- પરંતુ ઉંમર વધતાં તેની પ્રવૃત્તિઓ અને મહત્ત્વાકાંક્ષાઓમાં ઘટાડો થતો જાય છે.

4. પુનઃઉપયોગ અને ઊર્જા સંરક્ષણની સમજૂતી આપો ?

- વિશ્વના માનવસમાજ સામે વસ્તીવધારો, વસ્તુઓનો વિપુલ વપરાશ, કુદરતી સંપત્તિના સંરક્ષણનો અભાવ વગેરે કારણે જોખમ ઊભું થયું છે.
- માનવીએ પર્યાવરણમાં અપરિવર્તનશીલ (Irreversible) અને નુકસાનકારક પરિવર્તનો કર્યા છે.
- જો આ સમસ્યાઓનો ઝડપથી ઉકેલ નહિ આવે તો ભાવિ પેઢીને વિશ્વ જીવવા યોગ્ય રહેશે નહિ.
- આ મુશ્કેલ પરિસ્થિતિનો સામનો કરવા માનવીએ પોતાની જીવનશૈલી અને રિવાજો બદલવા પડશે.
- પર્યાવરણને બચાવવાના સમષ્ટિગત ઉપાયોમાં 'પુનઃઉપયોગ' અને ઊર્જા સંરક્ષણ'ની સમજૂતી નીચે પ્રમાણે છે :

- 1. પુનઃઉપયોગ (Recycling) : મોટા ભાગની કુદરતી સંપત્તિનો ઉપયોગ કરી ફેંકી દેવાને બદલે તેના પર પ્રક્રિયા કરી પુનઃઉપયોગ કરવામાં આવે છે. દા. ત., ઠંડાં પીણાંનાં વપરાયેલાં ઍલ્યુમિનિયમનાં કેન ઓગાળીને એ ઍલ્યુમિનિયમનો અન્ય ઉપયોગ કરી શકાય.
- આ જ પ્રમાણે કાગળ, કાચ, કાપડ, ધાતુ વગેરેનો પુનઃઉપયોગ કરી શકાય. - પાણીની જાળવણી કરવી ખૂબ જ મહત્ત્વની બાબત છે.
- ગટરમાં વહી જતા પાણી પર પુનઃપ્રક્રિયા કરી બિનજોખમી પાણીને નદીમાં છોડવામાં આવે છે.
- 2.ઊર્જા સંરક્ષણ (Energy Conservation) : પૃથ્વી પર ઉદ્ભવતી પર્યાવરણની સમસ્યાઓનું મુખ્ય કારણ કુદરતી સંપત્તિનો દુર્બય છે.
- તેમાં પેટ્રોલિયમ પેદાશનો દુર્વ્યય મુખ્ય છે. દા. ત., વિશ્વની માત્ર પાંચ ટકા વસ્તી ધરાવતું અમેરિકા પૃથ્વી પરની વ્યાવસાયિક ઊર્જામાંથી પચીસ ટકા ઊર્જા વાપરે છે.
- પૃથ્વી પરની કુદરતી સંપત્તિના દુર્ભયના કારણે ઘણા પદાર્થોનો પરંપરાગત પુરવઠો (Traditional Supplies) ઝડપથી ખલાસ થઈ જાય છે.
- એક અનુમાન મુજબ ઈ. સ. 2050માં વિશ્વમાં ખનીજ તેલ(Petroleum)નું ઉત્પાદન ઘટી જશે.
- ખનીજ તેલની ઊભી થનારી અછત જીવનનાં ઘણાં પાસાંઓ પર અસર કરશે.
- વિશ્વના દેશોએ ઊર્જા સંપત્તિનો કરકસરપૂર્વક ઉપયોગ કરવો જોઈએ અને તેનો દુર્વ્યય ટાળવો જોઈએ.
- ભવિષ્યના ઉપયોગ માટે ઊર્જા સંપત્તિઓનું સંરક્ષણ અને સલામત પર્યાવરણ માટે આયોજન કરવું જોઈએ.

5. ભારતીય સંસ્કૃતિમાં માનવ અને પર્યાવરણ વચ્ચેના સંબંધ સમજૂતી આપો ?

- વિવિધ સંસ્કૃતિઓના સંદર્ભમાં માનવ-પર્યાવરણ વચ્ચેના મહત્ત્વના ત્રણ ખ્યાલો નીચે પ્રમાણે છે :
- માનવજીવન કુદરત પર આધારિત છે અને પર્યાવરણીય પ્રભાવથી નિયંત્રિત છે. માનવીને હંમેશાં કુદરતનો ડર રહે છે.
- માનવજીવન કુદરતનું અવિભાજ્ય અંગ છે. માનવી અને કુદરતના સંબંધના કારણે સૃષ્ટિનું સર્જન થાય છે.
- માનવી કુદરતથી પર છે અને તે પર્યાવરણને નિયંત્રિત કરે છે. ભારતીય સંસ્કૃતિમાં માનવ અને પર્યાવરણ વચ્ચેનો સંબંધ : ભારતીય સંસ્કૃતિમાં માનવી અને પર્યાવરણ વચ્ચેના સંબંધને પ્રતીકાત્મક (Symbolic) સ્વરૂપે જોવામાં આવે છે.
- ભારતીય સંસ્કૃતિ માનવીને સૃષ્ટિનો એક ભાગ ગણે છે. તેનાં મહત્ત્વનાં લક્ષણો નીચે પ્રમાણે છે :
- માનવી કુદરત કરતાં ચઢિયાતો નથી અને તેને કુદરતનો દુરુપયોગ કરવાનો કોઈ અધિકાર નથી.
- માનવી અને કુદરત વચ્ચેના સંબંધો સમગ્ર સૃષ્ટિ માટે મહત્ત્વના
- ભારતીય સંસ્કૃતિ વિશ્વની બધી જ બાબતોમાં નિસ્બત ધરાવે છે.
- માનવી અને કુદરત વચ્ચેનો સુમેળ મહત્ત્વનો છે.
- જીવનનાં બધાં સ્વરૂપો અને તેનાં આંતરિક જોડાણોને માન્ય કરવામાં આવ્યાં છે.
- માનવજીવન પર વૈશ્વિક ગતિશીલ વ્યવસ્થાનું આવરણ છે.
- ભારતીય સંસ્કૃતિ માનવ, પ્રકૃતિ અને વિશ્વને અખંડ સ્વરૂપે દર્શાવે છે.
- માનવી અને અન્ય જીવસૃષ્ટિ કુદરતના ભાગીદારો (Partners) છે.

6. 'પર્યાવરણ અભિમુખ વર્તન' એટલે શું? સમજાવો ?

- પર્યાવરણની સમસ્યાઓ જટિલ છે. તેનો ઉકેલ માત્ર ટેકનિકલ રીતે આવી શકે તેમ નથી. પયોવરણની મોટા ભાગની, સમસ્યાઓ માનવસર્જિત છે. - માનવવર્તનની સુધારણામાં સમાજ-મનોવૈજ્ઞાનિકો મહત્ત્વની ભૂમિ ભજવી શકે છે.
- ઈ. સ. 1970થી સમાજ-મનોવૈજ્ઞાનિકો, પર્યાવરણ મનોવૈજ્ઞાનિકો અને સમાજશાસ્ત્રીઓ પર્યાવરણની ગુણવત્તા સુધારવા, માનવીના સમાજાભિમુખ વર્તનને પ્રોત્સાહિત કરવાના પ્રયત્નો કરી રહ્યા છે.
- પર્યાવરણ અભિમુખ વર્તનનો અર્થ : પર્યાવરણની ગુણવત્તા સુધારવા જીવનશૈલીમાં અને સામાજિક રિવાજોમાં આમૂલ પરિવર્તન લાવવું જોઈએ. આ દિશામાં થયેલા પ્રયત્નોનો ખૂબ જ નજીવો પ્રભાવ પડ્યો છે.
- આપણે પર્યાવરણની કેવી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છીએ તેની જાણકારી નાગરિકોને આપવી જોઈએ.
- તેમને પર્યાવરણ અભિમુખ બનાવવા તેમનાં મનોવલણો અને વર્તનમાં પરિવર્તન લાવવું જરૂરી છે.
- પર્યાવરણવિદો માટે માત્ર પર્યાવરણના દુરપયોગને અટકાવવાનું નહિ પરંતુ પર્યાવરણના દુરુપયોગની પ્રક્રિયાને ઉલટાવવાની પણ જરૂર છે. SAURISQRisto-(Chloroflurocarbons - CFC)- જ ઉપયોગ ઓઝોન (Ozone) વાયુ(સૂર્યનાં અસ્ટ્રાવાયોલેટ કિરણોની જોખમી અસરો સામે રક્ષણ આપનાર)ના પડને પાતળું કરી નાખે છે. જેના પરિણામે ચામડીના કેન્સરનું પ્રમાણ વધી રહ્યું છે.
- ઓઝોન પડની સામાન્ય જાડાઈ પરત મેળવતાં આશરે 50થી 100 વર્ષ લાગશે.
- પયવિરણની સમસ્યા હલ કરવામાં નાગરિકોનો સહકાર મળે તો પરિસ્થિતિ નિયંત્રિત કરવાનું શક્ય બને. તેથી આ સંદર્ભમાં જનજાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવે તે સાચી દિશાનું પ્રથમ સોપાન ગણાય.
- ભારતમાં 'સ્વચ્છતા અભિયાન' દ્વારા આ દિશામાં સારા પ્રયત્નો થઈ રહ્યા છે અને આ અભિયાનથી લોકોમાં જાગૃતિ આવી છે.